## ટ્રેક નં. ૪ – જીવ, ચેતન, જ્ઞાયક વિષે

* પ્રમત કે અપ્રમત નહીં એવા જ્ઞાયક વિષે જાણવું છે ને! તો થઈ જાવ તૈયાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા સાંભળવા.

* માંગલિક :

* ભક્તિ : ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.

* પ્રશ્ન : અનુભવમાં શું છે? અવ્યક્ત છે? ગુપ્તભાવ છે? વર્તમાનમાં તો પર્યાયમાં એ ભાવ આવતો નથી તો તેની ઝાંખી કેવી રીતે કરવી?

● ઉત્તર : શક્તિમાં પૂર્ણ છે ઈ. પૂર્ણ હોય તો એમાંથી પૂર્ણતા પ્રગટે છે. જો પૂર્ણ સ્વભાવ ન હોય તો એમાંથી પૂર્ણ સ્વભાવ આવે નહીં. અનાદિકાળથી એનો સ્વભાવ પૂર્ણ પરમાત્મા સ્વરૂપે જ છે. એમાં એક અંશ પણ ઓછો થાય તે હોય જ નહીં. જે પૂર્ણ હોય તો જ પૂર્ણ રૂપે પ્રગટે છે. દ્રવ્ય મૂળ શાશ્વત સ્વરૂપે હોય. દ્રવ્યને કોઈ પરદ્રવ્ય હાનિ કરી શકતું નથી. એ દ્રવ્યને કોઈ વિઘ્ન કરી શકતું નથી. એના સ્વભાવને કોઈ ખંડન કરી શકતું નથી. એનું નામ જ સ્વતઃ સિદ્ધ દ્રવ્ય કહેવાય, એનું નામ જ સ્વતઃ સિદ્ધ સ્વભાવ કહેવાય. એવા સ્વતઃ સિદ્ધ દ્રવ્ય અને સ્વતઃ સિદ્ધ સ્વભાવને કોઈપણ ખંડન કરી શકતું નથી. એનો કોઈ નાશ કરી શકતું નથી. ભલે દેખાતું નથી. જે છે એમાંથી જ પ્રગટે છે. જો પૂર્ણ હોય તો જ પૂર્ણ પ્રગટે છે. પૂર્ણ જે કેવળજ્ઞાન થાય છે, તે પૂર્ણ પ્રગટ પરમાત્મા-પૂર્ણતામાંથી જ થાય છે. પૂર્ણ હોય તો જ પૂર્ણતા આવે. માટે પોતે અંદર સ્વભાવ ઓળખીને અંદર પ્રતીત કરે કે હું પૂર્ણ જ છું. અપૂર્ણતા હોય તો અપૂર્ણતા એમાંથી આવે. પૂર્ણતામાંથી જ પૂર્ણતા આવે. મૂળ જ પૂર્ણ છે એનું (આખું સ્વરૂપ). બસ! પૂર્ણતાને લક્ષે જ શરૂઆત છે. કેવળજ્ઞાન પ્રગટ થયું એટલે પૂર્ણ પર્યાયમાંથી આવ્યું એમ નહીં પણ દ્રવ્ય જ પૂર્ણ છે. દૃષ્ટિ જ તારી પૂર્ણ ઉપર કર તો એમાંથી પૂર્ણ પ્રગટ થાશે. દ્રવ્ય વસ્તુ જ એને કહેવાય કે જે પરિપૂર્ણ છે. જેનો સ્વભાવ

પરિપૂર્ણ છે. જે દ્રવ્ય પરિપૂર્ણ છે એને કોઈ વિઘ્ન હોય નહીં. એનો કોઈ નાશ કરી શકે નહીં એનું નામ દ્રવ્ય કહેવાય.

✻ ભક્તિ : સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ ધ્યાનમહીં.
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર્તે જયતે.

✻ પ્રશ્ન : સુખધામ અનંત...પ્રણમું પદ તે વર્તે જયતે. એ શબ્દનો અર્થ શું?

● ઉત્તર : 'સુખધામ અનંત સુ સંત ચહી', સુસંતો જે સુખનું ધામ અનંત-અનંત એ સુખનું ધામ છે. સુખનું ધામ જે અનંત રે, સુસંતો પણ એને ઈચ્છી રહ્યા છે. સુસંતો પણ એમાં પરિણતી વારંવાર કરી એનું ધ્યાન કરે છે. એવું સુખ ધામ અનંત—એવો આત્માનો સ્વભાવ—જે સંતો એનું ધ્યાન કરી રહ્યા છે. એ કરવા જેવું છે. 'સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્‌ધ્યાન મહીં', દિવસ અને રાત સંતો એના ધ્યાનમાં જ રહે છે. 'દિનરાત રહે તદ્‌ધ્યાન મહીં, પ્રશાંતિ અનંત સુધામય જે'.—જેમાં અનંત સુધામય-પ્રશાંત-જેમાં શાંતિ-અનંત શાંતિનો સાગર ઉછળે છે. એવી પ્રશાંતિ-સુધાથી ભરેલો અમૃત, અમૃત જે ચૈતન્યનું અમૃત સ્વરૂપ છે એવું સુધામય જેમાંથી પ્રશાંતિનો અનંત શાંતિનો સાગર ઉછળે છે એવું ચૈતન્યનું, સુખનું ધામ છે. એમાં શાંતિનો સાગર ઉછળે છે. 'પ્રણમું પદ તે વર્તે જયતે'—તે પદ સદાને માટે જયવંત વર્તે છે. 'પ્રણમું પદ તે વર્તે જયતે'. તે પદ જયવંત વર્તે છે. તે પદ બધામાં પ્રધાન થઈને પ્રગટે છે. તે જ કરવા જેવું છે. સંતો જેનું દિવસ અને રાત ધ્યાન કરી રહ્યા છે. સંતો જેમાં ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વરૂપમાં જાય છે. લીનતા કરે છે. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પ્રશાંત શાંતિના સાગરમાં લીન થાય છે, બહાર આવે છે. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે દિન અને રાત એનું ધ્યાન કરી રહ્યા છે. બસ એજ કરવા જેવું છે. તે પદ સદા જયવંત વર્તો. સુસંતો જેને ઈચ્છી રહ્યા છે. સુસંતો જેનું ધ્યાન કરી રહ્યા છે. આત્મા સુખનું ધામ આત્મા-બધું આત્મા છે. સુધા રસથી ભરેલો આત્મા—બહારનો સુધારસ. અંતરમાં ચૈતન્ય રસનું ધ્યાન કરવાથી,

પ્રશાંતિ આવે. અંતર આત્મામાંથી કોઈ શાંતિ આવે, એની ધારા પ્રગટ કરે. ચારિત્ર દશા પણ એવી પ્રગટ થઈ ગઈ છે. ક્ષણે ક્ષણે અંતરમાં જાય છે એવી સહજદશા પ્રગટ થઈ છે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી મુનિઓનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, કેવળજ્ઞાનનું સ્વરૂપ, બધું સ્વરૂપ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. પોતે તે સ્વરૂપ અનુભવ પ્રગટ કરીને બીજાને માર્ગ બતાવ્યો. એની વાણીમાં એકલો અનુભવરસ—અનુભવ રસ ભરેલી વાણી નીકળી છે.

**✻ પ્રશ્ન : કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે ક્યા પ્રકારનું જ્ઞાન?**

● ઉત્તર : 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન'. પોતાના નિજ સ્વભાવનું એકલું જેને જ્ઞાન વર્તે છે. ચૈતન્ય સ્વભાવનું. 'કહીએ કેવળજ્ઞાન'. એકલા પોતાના સ્વભાવનું જ્ઞાન. સ્વભાવના જ્ઞાનમાં અખંડ જ્ઞાયક આવી ગયો. જ્ઞાન, દર્શન, ચારિત્રથી પરિપૂર્ણ ભરેલો આત્મા, પરિપૂર્ણતા જેને પ્રગટ થઈ છે એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. પ્રગટ થયેલું કેવળજ્ઞાન અને એનામાં જે અંશે પોતે પોતાના સ્વભાવમાં પ્રગટ કરીને જે સ્વાનુભૂતિ પ્રગટ કરી એમાં પણ કેવળજ્ઞાન સમાઈ ગયું છે. અને પ્રગટ થયેલું કેવળજ્ઞાન. એ બેય અર્થ એમાં છે. પોતાના સ્વભાવનું જેમાં અખંડજ્ઞાન વર્તે છે, એમાં આખું કેવળજ્ઞાન સમાયેલું છે. અખંડ જ્ઞાયક જેની પરિણતિમાં, જેની સ્વાનુભૂતિમાં કેવળજ્ઞાન-પરિણતિરૂપે જેમાં કેવળજ્ઞાન- વીતરાગ દશા પ્રગટ કરી એ કેવળજ્ઞાન. 'દેહ છતાં (દેહ હોવા છતાં) નિર્વાણ'-વીતરાગ દશા પ્રગટ કરી, અનુભૂતિરૂપે જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું. પરિણતિરૂપે કેવળજ્ઞાન-'દેહ છતાં'—દેહ હોવા છતાં નિર્વાણપદને પામ્યા.

**✻ પ્રશ્ન : જ્ઞાન લક્ષણથી જણાય છે, પછી બીજા પણ જે લક્ષણ કહેવામાં આવે છે કે હું આનંદમય છું, હું નિર્વિકલ્પ છું, હું અખંડ**

છું, ધ્રુવ છું, પરિપૂર્ણ છું, એ બધા લક્ષણો એને ક્યારે પ્રમાણ રીતે ખ્યાલમાં આવે ?

● ઉત્તર : એ જ્ઞાયક લક્ષણ છે. જે તત્ત્વ છે એ તત્ત્વ તે પૂર્ણ જ હોય, તત્ત્વ કાંઈ અધુરૂં ન હોય. પરિપૂર્ણ છે. એમાં એને બધા ભેદો સમજાય છે. જે પોતે આંશિક સુખને ઈચ્છી રહ્યા છે. તે સુખ કાંઈ બહારથી નથી આવતું. તે સુખસ્વરૂપ હું છું. તેમાં બધું આવી જાય છે. અંદર હું સુખસ્વરૂપ છું, શાંતિસ્વરૂપ છું, આ વિકલ્પ છે, તે બધી આકુળતા છે. હું નિર્વિકલ્પ તત્ત્વ છું. જે શાસ્ત્રમાં કીધું છે એમ હું પોતે નિર્વિકલ્પ તત્ત્વ છું. વિકલ્પ વગર જે શાંતિ આવે છે. આ વિકલ્પની જાળમાં આકુળતા છે. બધી આકુળતાથી જુદો હું નિરાકુળ છું. આકુળતા વગર નિરાકુળ સ્વરૂપ એમ નહીં પણ મારામાં આનંદ ગુણ છે. આનંદગુણ એને દેખાતો નથી, એ તો એને અમુક રીતે નક્કી કરે છે. જ્ઞાનલક્ષણ એવું છે કે એને ગ્રહણ થઈ શકે છે 'આત્માને જ્ઞાનથી જાણવો' એનું કરણ કે આનંદ એને દેખાતો નથી, આકુળતા વગર નિરાકુળ– એવું એને ગ્રહણ થઈ શકે છે. પણ 'હું આનંદ લક્ષણ છું' એમ આનંદ એને દેખાય નહીં. તો પણ એને અમુક જાતનું યથાર્થ પ્રમાણથી—યથાર્થ જ્ઞાનથી અને યથાર્થ પ્રમાણથી જાણી શકાય છે. તથા સાચા જ્ઞાનથી નક્કી કરી શકે છે. પણ જ્ઞાન લક્ષણ તો એવું જ છે કે એના અનુભવમાં આવે એવું છે. અનુભવ એટલે સ્વાનુભૂતિનો અનુભવ નહીં, પણ જ્ઞાન લક્ષણ એને જણાય.

✻ પ્રશ્ન : ચૈતન્યતા એટલી સ્પષ્ટ છે એને ઓળખવી હોય તો ઓળખી શકાય.

● ઉત્તર : એવી ચૈતન્યતા સ્પષ્ટ એને છે. પોતે ઓળખતો નથી. એવી ચૈતન્યતા સ્પષ્ટ છે.

✻ પ્રશ્ન : (આત્માને) ઓળખવા માટે પુરુષાર્થ કેવી રીતે કરવો ? શું કરવું ?

● ઉત્તર : એનો વારંવાર વિચાર કરવો. ઈ જાતનો સ્વાધ્યાય, મનન કરવું. અંતરમાં જિજ્ઞાસા કરવી, મહિમા કરવી કે આત્મા કેવો અપૂર્વ હશે ? મને કેમ પ્રગટ થાય ? વિભાવની મહિમા ગૌણ કરીને સ્વભાવની મહિમા પ્રગટ કરે. 'હું ચૈતન્ય છું' એમ વારંવાર અભ્યાસ કરવો પડે. ચૈતન્ય સ્વભાવમાં આવે છે ને 'સમતા, રમતા, ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.'

* ભક્તિ : એ એ એ..સમતા, રમતા, ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ,
એ.. વેદકતા, ચૈતન્યતા તે સબ જીવ વિલાસ.

❀ બહેનશ્રી : એ રીતે ચૈતન્ય અનુમાનથી બધાને ખ્યાલમાં આવી શકે એવો છે. 'જ્ઞાયકતા સુખભાસ'. જ્ઞાયકતા છે, સમતા, રમતાં—રમ્ય સ્વભાવ છે. વેદકતા—એને વેદનમાં આવે છે. ચૈતન્યતા—એ સબ જીવ વિલાસ.' ચૈતન્યતા એવી છે. એ બધાને ગ્રહણ થાય એવી છે. પણ પોતે ગ્રહણ કરતો નથી. પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય પણ અનાદિથી પરના અભ્યાસમાં પડ્યો છે, એટલે ગ્રહણ થતો નથી. પોતા તરફનો અભ્યાસ કરે તો પોતાની સમીપે જ છે, પોતે દૂર નથી કાંઈ.

* પ્રશ્ન : જાગતો ઉભો છે. પોતે શક્તિરૂપ છે. એને જાગતો કેવી રીતે કહેવો ?

● ઉત્તર : જાગતો જ છે. ઈ કાંઈ હણાય નથી ગયો. એનો જ્ઞાન સ્વભાવ તો જાગતો જ છે. જ્ઞાન કાંઈ દબાઈ નથી ગયું. જ્ઞાન સ્વભાવ જ્ઞાયક પોતે જાગૃત છે. પોતે બહાર લક્ષ કર્યું. પુરુષાર્થ બહારનો કરે છે એટલે જાણે હું ખોવાઈ ગયો એમ લાગે છે. જાગૃત જ છે. એ જાગતો જ છે જ્ઞાયક. એનો જ્ઞાન સ્વભાવ કાંઈ હણાય નથી ગયો. જ્ઞાયક પોતે અનાદિ અનંત શાશ્વતો જાગતો જ છે. સ્વભાવનો ઘાત નથી થયો માટે જાગતો જ છે. શક્તિ ખરી પણ એનો સ્વભાવ જ્ઞાયક સ્વભાવ છે ઈ જાગતો. શક્તિનો અર્થ એવો નથી કે

ઈ કાંઈ આમ શક્તિ પડી છે. કાંઈ કરતો નથી એમ નથી. જ્ઞાયક તો જાગતો જ છે.

❀ બહેનશ્રી : 'હું એક શુદ્ધ મમત્વહીન'—હું જ્ઞાન દર્શનથી ભરેલો આત્મા છું, હું એક શુદ્ધ છું. આત્મા અનાદિ અનંત શાશ્વતો છું, ચૈતન્યજ્યોતિ. આ તો બધું જડ છે દેખાય તે. ચૈતન્યજ્યોતિ. અનાદિઅનંત શાશ્વતો આત્મા છું, પ્રત્યક્ષ જણાય એવો છું. પરોક્ષ નથી, પણ પ્રત્યક્ષ છું. પ્રત્યક્ષ જ્યોતિ છું. અનાદિ અનંત છું. નિત્ય ઉદયરૂપ છું. ઈ કાંઈ છાનો નથી, નિત્ય પ્રગટ જ છે. નિત્ય ઉદય જુદો છે. ઉદય તો અનુભવમાંથી આવતો, અનુભવ થાય તો ઉદય કહેવાય પણ સ્વભાવથી ભરેલો નિત્ય ઉદયરૂપ છે. પ્રત્યક્ષ ચૈતન્યજ્યોતિ છું. ચૈતન્ય સ્વભાવ જ્ઞાનઘન સ્વભાવાવાળો છું. એવો સ્વભાવ જ્ઞાનથી ભરેલો ચૈતન્ય પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો છે. એવો એક સ્વરૂપ આત્મા છે. અખંડ જ્યોતિ છે. એમાં ખંડ નથી પડતો એવો આત્મા જ છે. ઈ જ ગ્રહણ કરવા જેવો છે. બીજું બધું અનાદિથી જે પરિણમન થઈ રહ્યું છે તે પરની સાથે એકતાનું છે. આ ચૈતન્ય એકસ્વરૂપ આત્મા. શુદ્ધ ચૈતન્ય જ્યોતિ. શાશ્વતો અનાદિ અનંત શુદ્ધ પ્રત્યક્ષ છે પાછો. દેખાતો નથી તોય પ્રત્યક્ષ છે. પોતે પ્રત્યક્ષ છે, છાનો નથી. પરોક્ષ તો ઈ અપેક્ષાએ કહેવાય છે. ઈ પરોક્ષ તો કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે. વેદન તો પ્રત્યક્ષ થાય છે સ્વાનુભૂતિ તે પ્રત્યક્ષજ્યોતિ છે. જ્યોત બહારની જ્યોત નહીં. આખી ચૈતન્યજ્યોતિ—એવો આત્મા છે. હું એક સ્વરૂપ આત્મા છું. શુદ્ધ આત્મા છું એને ગ્રહણ કરે એની મહિમા આવે તો પછી વિભાવનો રસ ઉતરી જાય. ચૈતન્યની મહિમા આવે એવો એક શુદ્ધ આત્મા છે. એક છું શુદ્ધ આત્મા—બધી પ્રક્રિયાથી પાર ઉતરેલો છું. કર્તા, ક્રિયા, કરણ, સંપ્રદાન, અપાદાન બધી પ્રક્રિયા વિભાવની છે. ને હું શુદ્ધ છું. એમાં કર્તા, કર્મ કરી શકતો નથી. એ ક્રિયા કરી શકતો નથી, એને કંઈ આપી શકતો નથી. એમાંથી કાંઈ લઈ શકતો નથી, એનો એ

આધાર નથી એવો આત્મા છે. એ બધી પ્રક્રિયાથી પાર ઉતરેલો આત્મા એવો ચૈતન્ય તત્ત્વ છે. ઈ તત્ત્વને ગ્રહણ કરવાનો છે. એ અનાદિ કાળનો પ્રયત્ન કરી જ રહ્યો છે. મમત્વહીન છે. પરનું મમત્વ કે સ્વામીત્વ બુદ્ધિ કરી રહ્યો છું. તો કે હું આનાથી મમત્વહીન—એક શુદ્ધ મમત્વહીન છું એનો સ્વામી એવો ચૈતન્ય તત્ત્વ.

**✻ પ્રશ્ન : એમ થાય કે વિકલ્પ પણ દેખાય છે. અંદરથી કાંઈક કાંઈક થાય છે એવું પણ દેખાય છે.**

● ઉત્તર : એમાં જ આનંદ છે બધો. એમાં જ દૃષ્ટિને સ્થાપીને એ જ કરવાનું છે. જેટલું આ જ્ઞાન છે એટલું જ પરમાર્થ કલ્યાણ છે. સમયસારમાં આવે છે. જેટલું આ જ્ઞાન છે એટલું જ પરમાર્થ કલ્યાણ છે, એટલું જ સત્ય છે, એ જ કરવા જેવું છે. બસ ! એ જ 'એમાં તું પ્રીતી કર, એને તું અનુભવ, એમાં તું પ્રીતીવાળો થા. એમાંથી ઉત્તમ સુખ પ્રગટશે. બધું એમાં જ છે. એ જ કરવાનું છે. પૂર્ણ આત્મા છે. મૂળમાર્ગ એક જ છે. ભેદજ્ઞાન કરી લેવાનું. ચૈતન્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિને સ્થાપીને, જે અનંતગુણો છે એને લક્ષમાં રાખી એમાં પર્યાયો થાય એને લક્ષમાં, જ્ઞાનમાં લઈ અને દૃષ્ટિ એક અભેદ ચૈતન્ય ઉપર સ્થાપવા જેવી છે. 'હું ચૈતન્ય છું. ચૈતન્ય છું.' વિકલ્પ આવે પણ એનો જાણનાર છું. જ્ઞાન બધું કરવું, પણ દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર સ્થાપવા જેવી છે. એને સાથે રાખીને પોતે આત્માનું ભેદજ્ઞાન કરવું. 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ સિદ્ધાઃ યે કિલ કેચનઃ' જે સિદ્ધ થયા છે તે બધા ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે. ને એ જ કરવાનું છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ. છઠ્ઠી ગાથામાં 'નથી પ્રમત્ત કે અપ્રમત્ત જે એક જ્ઞાયક ભાવ છે.' એક જ્ઞાયકભાવને ઓળખે. પર્યાયના ભેદોમાં પણ એક જ્ઞાયકભાવને ઓળખી લે.

**✻ પ્રશ્ન : છઠ્ઠી ગાથામાં પ્રમત્ત અપ્રમત્ત રહિત ધ્રુવ જ્ઞાયક કહ્યો એ તો સમજાય છે. પણ પછી બીજા ફકરામાં કહે છે કે જ્ઞેયાકાર**

અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી તે જ્ઞાયક જ છે. તો અહીં ધ્રુવ જ્ઞાયકની વાત ચાલે છે છતાં બીજા ફકરામાં અવસ્થાની વાત કેમ લીધી? શું અવસ્થા સમજાવવાની છે કે ત્રિકાળી જ્ઞાયક સમજાવવો છે? આમાં પહેલા એને બીજા ફકરામાં જ્ઞાયક એક જ છે કે જુદા છે?

● ઉત્તર : બેય જ્ઞાયક એક જ છે. આચાર્યદેવને જ્ઞાયક જ સાબિત કરવો છે. જ્ઞાયક-અનાદિથી જે જ્ઞાયક છે, જે અનાદિનો જ્ઞાયક છે. વિભાવ અવસ્થામાં જે જ્ઞાયક છે અને પ્રમત્ત અપ્રમત્ત અવસ્થામાં જે જ્ઞાયક છે. એ જ જ્ઞાયક—જ્ઞેયાકાર અને સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં એ જ જ્ઞાયક છે. આચાર્યદેવ કહે છે કે અનાદિથી જે વિભાવના પર્યાય થયા, એમાં એ જ્ઞાયક જ રહ્યો છે. અનાદિથી જ્ઞાયકપણું એનું બદલાતું નથી. સ્વતઃ સિદ્ધ જ્ઞાયક છે. એ જ્ઞાયક જ રહ્યો છે. પ્રમત્ત અપ્રમત્તની જે એની ચારિત્રની દશા છે એ ચારિત્રની દશામાં પણ એ જ્ઞાયક જ રહ્યો છે. ચારિત્રની દશા જે છઠ્ઠે સાતમે ગુણસ્થાને મુનિઓ ઝૂલે છે. ક્ષણમાં સ્વાનુભૂતિ ને ક્ષણમાં બહાર આવે છે, એવી પર્યાયોની જે સાધનાની દશા, જે મુનિઓની ચારિત્રની દશા—એમાં પણ જ્ઞાયક દ્રવ્ય તો દ્રવ્યરૂપે દ્રવ્ય જ્ઞાયક જ રહ્યો છે. એ દ્રવ્ય જ રહ્યું છે એવી રીતે તો તે. એમાં તો એ જ્ઞાયક અશુદ્ધ નથી થયો, અનાદિથી અશુદ્ધ નથી થયો, તો જ્ઞાનની અપેક્ષાએ, ઓલું ચારિત્રની અપેક્ષાએ. અને એવી રીતે શુદ્ધ ઉપાસવામાં આવતા શુદ્ધ જ છે એ દર્શનની અપેક્ષાએ જ્ઞાયક છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. એ દ્રવ્ય અનાદિથી સ્વભાવે પણ જ્ઞાયક છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી માટે જ્ઞાયક છે. ચારિત્રની અવસ્થામાં પણ એ જ્ઞાયક છે. તો જ્ઞાનની અવસ્થામાં એ જ્ઞેયાકાર થયો તો પણ એ જ્ઞાયક છે. એ જ્ઞેયોને જાણે છે તો પણ એ જ્ઞાયક. જ્ઞાયકપણું છૂટતું નથી. સ્વરૂપમાં નિર્વિકલ્પ દશામાં જાય તો પણ એ જ્ઞાયક છે અને

જ્ઞેયોને જાણે તોય એ જ્ઞાયક છે. એ જ્ઞેયોને જાણતા એમાં અશુદ્ધતા નથી આવતી. જેમ એને વિભાવ અવસ્થામાં કે પ્રમત્ત અપ્રમત્ત અવસ્થામાં એમાં કોઈ જ્ઞાયકને કોઈ અશુદ્ધતા નથી. એ ભેદ થયા એ પર્યાયમાં ભેદો થાય છે. દ્રવ્યમાં નથી થતા. એમ ઈ સ્વતઃ સિદ્ધ જ્ઞાયક છે. બહાર જાણવા ગયો એટલે એને જ્ઞાયકનું જ્ઞાન વધી ગયું કે જ્ઞાનમાં કંઈ અશુદ્ધતા આવી ગઈ એવું નથી અને અંતરમા ગયો એટલે જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન—સ્વાનુભૂતિની દશામાં ગયો તોપણ જ્ઞાયક. દ્રવ્ય અપેક્ષાએ એ જ્ઞાયક જ છે. એક પર્યાયની શુદ્ધતા, લીનતા થાય એ એક વાત જુદી છે. બાકી જ્ઞાયક તો જ્ઞાયક છે. જ્ઞેય જાણે તો ય જ્ઞાયક છે. કર્તા, કર્મ પોતે પર્યાય પ્રગટ થઈ એ સ્વરૂપને પ્રકાશે એટલે એમાં પર્યાય નથી સાબિત કરવી, જ્ઞાયક સાબિત કરવો છે કે એની સ્વરૂપ પ્રકાશનની નિર્વિકલ્પ દશામાં ગયો જ્ઞાયક તો પણ જ્ઞાયક છે. ભલે એની સાધનાની પર્યાય, એની વેદનની પર્યાય સ્વાનુભૂતિ રૂપે થઈ તોય જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાન બહાર જ્ઞેયોને જાણે તો એ તો જુદો રહીને જાણે છે, એમાં કંઈ જ્ઞેયકૃત અશુદ્ધતા એને આવતી નથી. તોય એ જ્ઞાયક જ છે એનો. શુદ્ધિ અશુદ્ધિ તો એને પર્યાયમાં ચારિત્રની અપેક્ષાએ થાય છે. જાણવાની અપેક્ષાએ તો એને શુદ્ધતા અશુદ્ધતા તો એને જ્ઞાનમાં જાણવામાં આવતી નથી. એ બહાર જુદો રહીને જ્ઞાયક પોતે સ્વરૂપ પોતા તરફ જ્ઞાયકની હાજરી-જ્ઞાયકની ધારા રાખીને જાણે છે. એમાં અશુદ્ધતા આવતી નથી. પણ અનાદિથી એ જ્ઞેય એકમેક થઈને જાણતો હતો તોય એમાં કંઈ એને અશુદ્ધતા નથી આવી. એ જાણે તોય જ્ઞાયક છે. એ પ્રમત્ત અપ્રમત્ત અવસ્થામાં ય જ્ઞાયક, વિભાવ અવસ્થામાં અનાદિથી છે તોય જ્ઞાયક છે. એ દ્રવ્ય અપેક્ષાએ બધી રીતે જ્ઞાયક છે. દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પડે તોય જ્ઞાયક જ છે. એ કર્તા, કર્મ અને પર્યાયની વાત નથી થતી. એ પર્યાય કહીને એને જ્ઞાયક બતાવવો છે. એ જ્ઞાયક સ્વાનુભૂતિમાં ગયો, સ્વરૂપનું વેદન કરે, નિર્વિકલ્પ દશામાં, તોય

જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાયક જે અનાદિનો વસ્તુ સ્વરૂપે છે એ જ્ઞાયક જ છે. એમાં જે મૂળ વસ્તુ જે છે એમાં દ્રવ્ય અને પર્યાય એવા બે પ્રકાર નથી. મૂળ વસ્તુ જે છે એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પર્યાય-પર્યાય પલટાઈ એ જુદી વાત છે. જ્ઞાયક જ્ઞાયક જ છે. જ્ઞાનમાં બહાર જાણ્યું એટલે ઓછું થયું અને અંદર ગયો એટલે વધી ગયું અથવા બહાર ઝાઝૂ જાણ્યું એટલે વધી ગયું અને અંદર ઘટી ગયું એમ કાંઈ નથી કે એમાં અશુદ્ધ થઈ ગયું જ્ઞેયાકાર. એમ નથી. એ દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક તે જ્ઞાયક જ છે. દરેકમાં એની જે દ્રવ્યદૃષ્ટિ થઈ. તે દ્રવ્ય તો અનાદિનું છે. એમાં જે દૃષ્ટિ સ્થાપી એની જ્ઞાનની પર્યાયમાં હો કે ચારિત્રની પર્યાયમાં હો, ગમે તે પર્યાયમાં હો. કે દર્શનની પર્યાય. તો એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ તો બધી અવસ્થામાં જ્ઞાયક તો જ્ઞાયક જ છે. અનાદિથી જ્ઞાયક છે. એ જ્ઞાયક રૂપે પરિણમેલી અનંત અનંત શક્તિઓથી ભરેલો છે. એ જ્ઞાયક પોતે સદાને માટે જ્ઞાયક જ રહે છે. ઓલા (પર્યાયો) અંશો છે, આ અંશી છે. સદાને માટે જ્ઞાયક તે જ્ઞાયક જ છે. પર્યાય ગમે તે પરિણમે તોય જ્ઞાયક તો જ્ઞાયક જ છે એમ કહેવું છે આચાર્યદેવને. કર્તા કર્મ કહીને એને પર્યાય નથી બતાવવી. જ્ઞાયક જ બતાવવો છે. સ્વરૂપ પ્રકાશનમાં ય જ્ઞાયક અને જ્ઞેયાકારમાં ય જ્ઞાયક. પ્રમત્તમાંય જ્ઞાયક અને અપ્રમત્તમાં ય જ્ઞાયક. વિભાવની ગમે તે અવસ્થામાં જ્ઞાયક તે જ્ઞાયક. અનાદિથી જ્ઞાયક તે જ્ઞાયક છે. સાધનાની પર્યાય પ્રગટ થઈ તોય જ્ઞાયક તે જ્ઞાયક છે. કર્તાકર્મનું અનન્યપણું એટલે કર્તા પોતે અને કર્મ એની પર્યાય છે. એ અનન્યપણું એટલે પર્યાયની અપેક્ષાએ અનન્યપણું છે. પર્યાય કાંઈ એનામાં નથી એમ નહીં. પર્યાય પ્રગટ થઈ છે. સ્વરૂપ પ્રકાશનની ભલે પર્યાય પ્રગટ થઈ છે. સ્વાનુભૂતિની પર્યાય પ્રગટ થઈ છે. એ કર્તાકર્મનું અનન્યપણું છે. તોય જ્ઞાયક છે, એ કર્તાકર્મ પોતે સ્વરૂપ પ્રકાશનની પર્યાય પ્રગટ કરી કર્મપણે, એ કર્મ એટલે એ પર્યાય એનાથી કંઈ તદન ભિન્ન નથી. કોઈ અપેક્ષાએ

એને અનન્યપણું છે, અમુક અપેક્ષાએ અનન્યપણું છે. તો પણ એને પર્યાય અનન્યપણે હોય તો પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પર્યાયનું વેદન પોતાને થાય છે. તો ય જ્ઞાયક તો જ્ઞાયક જ છે એમ કહેવું છે. અપેક્ષા સમજવી જોઈએ કે આ મૂળવસ્તુ છે. અને પર્યાયને કોઈ અપેક્ષાએ અનન્ય કહેવાય. કોઈ અપેક્ષાએ ભિન્ન કહેવાય. કોઈ અપેક્ષાએ અભિન્ન કહેવાય, એ એની અપેક્ષાઓ જુદી હોય છે.

**✻ પ્રશ્ન : આમ જે પ્રમત્ત અપ્રમત્ત કહ્યું એ જ્ઞાયકની અપેક્ષાએ કહ્યું અને કર્તાકર્મપણું જ્ઞાનજ્ઞેયની અપેક્ષાએ કહ્યું એટલે જ્ઞાનજ્ઞેયની અપેક્ષાએ ભલે સ્વને જાણતો હોવા છતાં એને અનન્ય-પણું થયું તો પણ એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે એમ કહેવું છે?**

● ઉત્તર : હા, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. કર્તાકર્મ અપેક્ષાએ પોતે જાણનારો અને એનું કર્મ થયું તો પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. કર્મ તો પરિણતિ પ્રગટ થઈ તોય જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એ પ્રગટ પર્યાયમાં પણ એ તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાને જાણતો જ્ઞાયક તો જ્ઞાયક. અનાદિનો જ્ઞાયક તો જ્ઞાયક છે. એમાં કાંઈ સ્વરૂપ પ્રકાશન એટલે અહીંયા પર્યાયની વાત થઈ ગઈ અને પ્રમત્ત અપ્રમત્તમાં એમ જુઓ તો એમાં પણ સાધનાની જ પર્યાય આવી પ્રમત્ત અપ્રમત્તમાં. અપ્રમત દશા છે એ પણ સાધનાની જ પર્યાય છે. પ્રમત્ત અપ્રમત્તમાં મુનિઓ ઝૂલે છે. એનાથી મુનિઓને દ્રવ્ય દૃષ્ટિ મુખ્ય હોય છે. એટલે એ દ્રવ્ય અપેક્ષાએ પણ એ દ્રવ્યદૃષ્ટિ—જ્ઞાયક જુદો રહે છે. એમ જ્ઞાનની જે પર્યાય પ્રગટ થઈ એમાં પણ એ જ્ઞાયક જુદો રહે છે. જ્ઞાયક તે દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક એ જ્ઞાયક જ છે. સ્વતઃ જ્ઞાયક છે. જ્ઞાનની પર્યાય પરિણમે એ પણ પર્યાય છે. પ્રમત્ત અપ્રમત્તની પર્યાય એ પણ પર્યાય છે. એ પર્યાયમાં દરેક પર્યાયમાં જ્ઞાયક જ્ઞાયક રહે છે. ભલે કર્તાકર્મનું અનન્યપણું. અપ્રમત્ત દશા એ સાધનાની પર્યાય છે. એ સાધનાની પર્યાયનું એને વેદન છે. એમાં એ

પરિણમી રહ્યો છે. તો પણ એ જ્ઞાયક છે. જ્ઞાનની પર્યાયમાં પરિણમે તોય જ્ઞાયક છે.

✻ **પ્રશ્ન : પ્રમત્ત અપ્રમત્તથી તો રહિત કીધું અને કર્તાકર્મનું અનન્યપણું. તેમાં 'રહિત' શબ્દ વાપર્યો નહીં. તો એ બંને કેવી રીતે ?**

● ઉત્તર : જ્ઞાન જુદું. આમાં કર્તાકર્મ પોતે સ્વરૂપ પ્રકાશનમાં પોતે જ્ઞાનપ્રકાશ કરે છે. જ્ઞાન જાણે છે. જાણવાની અપેક્ષા લીધી ને એટલે જ્ઞાન જાણે છે. જાણવાની અપેક્ષા અનન્ય છે તો પણ જ્ઞાયક છે. જ્ઞાયકને જાણવાનું કીધું, જ્ઞાયક તો જાણનારો છે. જાણનારો જાણે છે, જાણે છે તોય જ્ઞાયક. તોય એની સાથે—એ પર્યાયની સાથે દ્રવ્ય તો દ્રવ્ય જ રહે છે. જાણવાની અપેક્ષા આવી એટલે એને જાણનાર જ્ઞાયક કહે છે. જાણવાની અપેક્ષાએ એને અનન્ય કીધું. વળી અપ્રમત્તની સાધનાની પર્યાય છે એટલે એને એનાથી ભિન્ન ઉપાસવામાં કીધો. પણ આ અનન્ય કેમ ? કે આ જાણવાની પર્યાય છે એટલે એને અનન્ય કીધું. એ અપેક્ષા દૃષ્ટાંત આપીને પણ એ સિદ્ધાંત સાબિત કરે છે. જ્ઞાયકમાં જાણવાની મુખ્યતા, જ્ઞાયક જાણવાનું કાર્ય કરે એટલે જ્ઞાયક જાણતો હોય તો. કેમકે જ્ઞાયક તો જાણવાનું કામ કરે તો એ જાણવાથી જુદો કેવી રીતે માનવો એને ? ઓલું પ્રમત્ત અપ્રમત્ત તો એક સાધનાની પર્યાય થઈ, પણ આ એક જાણવાની પર્યાય તો એનો સ્વભાવ છે. જ્ઞાયક પોતે, સ્વતઃ એ જાણવાની પર્યાય તો એનો સ્વભાવ છે. એ જાણવાની પર્યાયથી ભિન્ન એ એનાથી અશુદ્ધ નથી થતો એમ કેમ માનવું? જાણનારો છે ને જાણે છે પણ જાણનારની પર્યાય જાણે છે તો એ પર્યાય પૂરતો(જેટલો) થઈ નથી જતો. એ અખંડ જ રહે છે. એમાં અનન્ય થાય તો એ પર્યાય પૂરતો (જેટલો), થઈ ગયો કહેવાય.

✻ **પ્રશ્ન : જ્ઞાનીને ઇચ્છા નહીં હોવાથી પરિગ્રહ નથી તેથી આહારને ગ્રહતા નથી અને સાથે જ દર્પણમાં આવી પડતા પ્રતિબિંબની**

માફક આહારને જાણે છે. અહીં દર્પણનું દષ્ટાંત આપીને કહ્યું તેમાં શું આશય સમજવો ?

● ઉત્તર : એ દ્રવ્યદષ્ટિની અપેક્ષાએ માત્ર જાણે જ છે. આહારને ગ્રહણ કરતો નથી. આહારને છોડતો નથી. જ્ઞાયકમાં કોઈ આહાર નથી. જ્ઞાયક કંઈ એને ગ્રહણ કરતો નથી. માત્ર જાણે જ છે. એ પ્રતિબિંબ જેમ. કંઈ પ્રતિબિંબ ગ્રહણ કરે કે છોડે એવું કંઈ પ્રતિબિંબમાં હોતું નથી. તેમ જ્ઞાયક કાંઈ ગ્રહણ કરતો નથી, કાંઈ છોડતો નથી. એ દ્રવ્યદષ્ટિમાં એ જ્ઞાયક તે જ્ઞાયક જ રહે છે. એ જ્ઞાયક જ્ઞાતામાં કાંઈ આવતો નથી. અને જે આહાર છે તે ચારિત્રની એની અલ્પતા છે માટે પુરુષાર્થની નબળાઈથી થાય છે એ એના જ્ઞાનમાં છે. પણ જ્ઞાયકની દષ્ટિમાં એ એને માત્ર દ્રવ્યદષ્ટિમાં એને માત્ર પ્રતિબિંબની જેમ જાણે જ છે. પ્રતિબિંબ એટલે એને એ કાંઈ ગ્રહતું નથી, એને છોડતું નથી એવો એનો આશય છે. એમાં બીજો કોઈ આશય નથી. દ્રવ્યદષ્ટિની અંદર તો દ્રવ્યદષ્ટિનું સ્વરૂપ કે દ્રવ્યનું સ્વરૂપ તમે જેટલું કહો ઉંચામાં ઉંચું હોય છે તો પણ એમાંથી પર્યાય નીકળી જાતી નથી. એમાં પુરુષાર્થની મંદતા અને બધું સાધનાની પર્યાય એ બધું સાથે હોય છે. દ્રવ્યદષ્ટિનું જેટલું ઉંચું કહો એટલું સ્વરૂપ દ્રવ્યદષ્ટિમાં આવે છે અને એ વસ્તુનું સ્વરૂપ એવું છે. તો પણ એમાંથી પર્યાય જાતી નથી. પુરુષાર્થની મંદતા હોય છે, ચારિત્રની દશા અધૂરી છે એ જ્ઞાનીના જ્ઞાનમાં છે.

✻ જય હો, વિજય હો, ભગવતી માતનો જય હો.

કરી બાળવયે બહુ જોર, આતમ ધ્યાન ધર્યું;
સાંધી આરાધન દોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.